सत्यमेव जयते

# ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડના નિયમો

(ઠરાવ નંબર : એસીવાય/૩૬૬૬-૪૯૨૨/સ,
તારીખ ૨૦/૦૯/૧૯૬૭થી બનાવેલ અને વખતો વખત સુધારેલ નિયમો)

**ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીનું રાહત ફંડ,**

મહેસુલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

# ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડના નિયમો

(૧) આ ફંડ " ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડ" તરીકે ઓળખાશે. આ ફંડ જાહેર હિસાબ બહાર રચાયેલું ખાનગી ફંડ રહેશે.

(૨) આ ફંડ કોઈપણ સમયે કોઈપણ સાધનોમાંથી રોકડ કે વસ્તુઓના મળતા દાનમાંથી* બનેલું રહેશે.

(૩) " ગુજરાત રાજ્યમાં વરસાદની અંશત: અથવા સંપૂર્ણ નિષ્ફળતા અને તેને પરિણામે પાકની અંશત: અથવા સદંતર નિષ્ફળતાના રૂપમાં થતી અસર તથા માનવ સર્જીત આપત્તિઓ જેવી કે, કોમી રમખાણો, મોટા કરૂણ અકસ્માતોના પરિણામે મૃત્યુ પામતાં / ઈજા પામતા વ્યક્તિઓ, રાષ્ટ્રિય સંકટ જેવું કે, સરહદે માભોમની રક્ષા કાજે પ્રાણની આહુતી આપનાર તથા તેમાં ઈજાગ્રસ્ત થતાં જવાનો / અધિકારીઓને સહાય અને / અથવા લોન આપી શકાશે. આ ઉપરાંત કુદરતી આપત્તિઓ જેવી કે, પુર / અતિવૃષ્ટિના આગોતરા પ્રતિકાર માટે પુર નિયંત્રણ ફાળાઓ અને તેના જેવા અન્ય પુર પ્રતિબંધક બાંધકામ, જો નુકશાન થયું હોય તો તાકીદે મરામત કરાવવા / સુધારા કરાવવા / વધારા માટેનો ખર્ચ કરવાનો પણ આ ફંડનો હેતુ રહેશે. આમ છતાં અપવાદરૂપે ફંડનો ઉપયોગ ગુજરાત રાજ્યની અંદર*** તેમજ ગુજરાત રાજ્યની બહાર પણ કોઈપણ કુદરતી / માનવ સર્જીત આફતોથી અસરગ્રસ્તોને રાહત આપવા માટે કરી શકશે તથા આ ફંડનો ઉપયોગ શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યક્તિઓને તેમજ કેન્સર, હાર્ટ સર્જરી તથા મુત્રપિંડના ગંભીર પ્રકારના રોગો વગેરેમોં વૈદિક સારવાર માટે યોગ્ય ગુણવત્તાવાળી જરૂરિયાતમંદ કિસ્સામાં પણ સમિતિની મંજૂરીથી સહાય આપી શકાશે."

(૪) આ ફંડ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના નામે રહેશે.

(૫) આ ફંડ નીચેના સભ્યોની બનેલી સમિતિના નિયંત્રણ અને વહીવટ હેઠળ રહેશે.

---

* ઠરાવ નંબર સીએમએફ/૩૬૨૦૦૩–કરમૂક્તિ/ફંડ, તારીખ ૦૯/૦૬/૨૦૦૪ અન્વયે આ સુધારો દાખલ કરેલ છે. (ફક્ત રોકડ સ્વરૂપે મળેલ દાનની રકમને આવક વેરા ધારાની રકમને આવક વેરા ધારાની કલમ ૮૦(જી)(૨)(૬) ની જોગવાઈ હેઠળ કરમૂક્તિનો લાભ મળવાપાત્ર થશે.)

*** ઠરાવ નંબર સીએમએફ/૩૬૨૦૧૭–/નિયમ–૩ સુધારો/ફંડ, તારીખ ૦૨/૦૮/૨૦૧૭ અન્વયે આ સુધારો દાખલ કરેલ છે. (અપવાદ રૂપે ફંડનો ઉપયોગ ગુજરાત રાજ્યની અંદર તેમજ ગુજરાત રાજ્યની બહાર પણ કોઇ પણ કુદરતી/માનવસર્જિત આફતોથી અસરગ્રસ્તોને રાહત આપવા માટે કરી શકાશે.)

| | |
|---|---|
| મુખ્યમંત્રીશ્રી, | અધ્યક્ષ |
| મહેસૂલ મંત્રીશ્રી, | સભ્ય |
| મુખ્ય સચિવશ્રી, | સભ્ય |
| મહેસૂલ સચિવશ્રી, | સભ્ય |
| ** નાયબ સચિવશ્રી<br>સંયુક્ત સચિવશ્રી,<br>રાહત નિયામકશ્રી, | સેક્રેટરી |

મુખ્યમંત્રીશ્રી આ સમિતિના અધ્યક્ષ રહેશે. સમિતિની કોઇપણ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીની ગેરહાજરીમાં મહેસૂલ મંત્રીશ્રી સમિતિના અધ્યક્ષ તરીકે કામગીરી બજાવશે અને મુખ્યમંત્રીશ્રી અને મહેસૂલમંત્રીશ્રી એ બન્નેની ગેરહાજરીમાં મુખ્ય સચિવશ્રી અધ્યક્ષ તરીકે કામગીરી બજાવશે. વિભાગે નિયુક્ત કરેલા મહેસૂલ વિભાગના નાયબ સચિવશ્રી ફંડના સામાન્ય કામકાજ માટે હોદ્દાની રૂએ સમિતિના સેક્રેટરી રહેશે.

(૬) સમિતિના અધ્યક્ષ, તેમને કામકાજ અર્થે જરૂરી અને અનુકૂળ લાગે તે અને સ્થળે સમિતિની બેઠકો બોલાવી શકશે.

પરંતુ અધ્યક્ષશ્રીની સંમતિથી સમિતિ ફંડના સેક્રેટરી મારફત કોઇપણ મુદ્દો નોંધથી તેના સભ્યો પરિપત્રિત કરીને નિર્ણય કરી શકશે. પરંતુ, વધુમાં સમિતિનો નિર્ણય અત્યંત તાકીદે મેળવવો જરૂરી હોય અને તે (મેળવવા) માટે તે મુદ્દો સમિતિમાં પરિપત્રિત કરવાનો નિર્ણય લેવાય તો તે અંગે ગાંધીનગરમાં હાજર સભ્યોની સંમતિ મેળવીને સમિતિના અન્ય સભ્યોને તેઓ ગાંધીનગરમાં પાછા ફરીને તુરત જ તેમને કાર્યોત્તર નિર્ણયની જાણ કરાય તો તે પૂરતું થશે.

---

** ઠરાવ નંબર સીએમએફ/૩૬૭૭-૩લ/૩૨૩૩-ફંડ, તા.૩૦/૦૭/૧૯૭૯ અન્વયે સુધારો.